# મેં સમય હૂં...

"હું સમય છું" મારો જન્મ સૃષ્ટિના નિર્માણની સાથે થયો હતો. હું પાછલા યુગમાં અસ્તિત્વમા હતો, આ યુગમાં છું અને આવનારા યુગમાં પણ રહીશ. મહાભારતની આ આકાશવાણી દ્વારા સમયનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું



છે. ખરાબ સમયને, સમયનું કાળ ચક્ર કહેવામાં આવે છે અને જે વ્યક્તિ આ સમયના કાળ ચક્ર ને ધીરજ અને સંયમથી પાર કરી જાય છે તેનો ઉધ્ધાર થઈ જાય છે. સમય રોજ આપણને કોરો ચેક આપે છે પણ આપણે જ એ ચેકમાં રકમ ઓછી ભરીએ છીએ. સમય બળવાન હોય છે અને તેને પૈસા સાથે તોલવામાં આવે છે, પણ વાસ્તવમાં સમય એ પૈસા કરતાં પણ વધારે મહત્વનો છે. તમારા સારા સમયમાં દરેક માણસ તમારા સાથે ઉભો રહે છે પણ જ્યારે સમય તમારી પરીક્ષા લેતો હોય છે ત્યારે તે જ માણસો તમારો હાથ છોડી દેતા હોય છે. સારા સમયથી વધારે સારા માણસ જોડે સંબંધ રાખવો જોઈએ કારણ કે સારા માણસ સારો સમય લાવી આપશે પરંતુ સારો સમય સારો માણસ નહીં આપી શકે. જીંદગીમાં સમયની સાથે કંઈક મુકામ હાંસલ કરવું જરૂરી છે કારણ કે લોકો સમયની સાથે હાલત નહીં પણ હેંસિયત પૂછે છે. ઘડિયાળ માં સેકન્ડ કાંટો હોય છે તે કટ-કટ



## જીવન દર્શન

**પ્રો. જીગર એસ બારોટ**

નથી કરતો પણ તક-તક કરે છે અને દરેક સેકન્ડ આપણને આગળ વધવાની તક આપે છે.

સમયનું મહત્વ સમજાવતા ભગવદ્ ગીતામાં કહ્યું છે કે તું તારી જાત પર અહંકાર ના કરીશ, મજબૂત તું નથી પરંતુ તારો સમય છે. આજનો યુવાવર્ગ તેમનો મોટાભાગનો સમય મોબાઈલ અને સોશિયલ મીડિયામાં વેડફી નાંખે છે પરંતુ જો આ સમયનો સદુપયોગ યુવાવર્ગ દ્વારા થાય તો ભારતને વિશ્વની મહાસત્તા બનતા કોઈ નહી રોકી શકે. સમય છે ત્યારે સમજણ કેળવી લેવી કારણ કે જે દિવસે સમજણ આવશે તે દિવસે સમય પાછો નહીં આવે. જે વ્યક્તિ તમારું કંઈ બગાડી નથી શકતો તે વ્યક્તિ તમારો સમય બગાડી શકે છે અને તમને નુકસાન પહોંચાડવાની કોશિશ કરે છે. ગયેલા પૈસા ફરીથી કમાઈ શકાશે પણ ગયેલો સમય ફરીથી પાછો મેળવી નહીં શકાય. તમારી ઓળખાણ બનાવવામાં સમય ન બગાડશો પરંતુ કંઈક કરીને બતાવો તો સમય જ તમારી ઓળખાણ કરાવશે. એટલે જ પોતાની મહેનત પર વિશ્વાસ રાખો કારણ કે એક દિવસ એવો પણ આવશે કે સમય જ તમારી મહેનત અને તમારું મહત્વ સમાજ ને સમજાવશે.

સમય કોઈ દિવસ એક જેવો નથી રહેતો. જેમ રાત પછી દિવસ આવે છે તેમ ખરાબ સમય પછી સારો સમય પણ આવે છે માટે સારા સમયમાં એવુ કાર્ય કરો કે લોકો તમને તેમના હૃદયમાં રાખે, કારણ કે કોઈ ના હૃદય માં રહેવું એ દુનિયાનું સૌથી મોંઘા દસ્તાવેજ વાળુ ઘર છે. જ્યારે પૂર આવે છે ત્યારે માછલીઓ જમીનમાં રહેલ કીડીઓને ખાઈ જાય છે કારણ કે ત્યારે માછલીઓનો સમય બળવાન હોય છે અને જ્યારે પૂરના પાણી ઓસરી જાય છે ત્યારે તે જ કીડીઓ માછલીઓ ને ખાઈ જાય છે કારણ કે ત્યારે કીડીઓ નો સમય બળવાન હોય છે. સમય સારો હોય ત્યારે એક નાનકડી કીડી પણ મહાકાય હાથીને ધૂળ ચટાવી શકે છે. આમ બળવાન સમયની સામે કદ,આકાર કે વજન કંઈ જ મહત્વ ધરાવતા નથી. ખરાબ સમયમાં કોઈ દિવસ હતાશ થઈ જવું નહીં કારણ કે જિંદગીનો કપરો સમય વોશિંગ મશીન જેવો હોય છે જે આપણને ગોળ-ગોળ ગુમાવે છે અને નીચોવી નાંખે છે પરંતુ અંતે આપણે સ્વચ્છ, ઉજળા અને પહેલા કરતાં વધારે સરસ બનીને બહાર આવીએ છીએ. ખરા અર્થમા કહીએ તો કોઈ પણ માણસ નો સમય ક્યારેય ખરાબ હોતો નથી પરંતુ સમયની સાથે આપણી ઈચ્છા પૂરી ન થાય એટલે આપણને તે સમય ખરાબ લાગે છે. જ્યારે ઈશ્વર ની કૃપા તમારા પર વરસતી હોય ત્યારે કોઈનું ધ્યાન રાખજો પણ કોઈને ધ્યાનમાં ન રાખતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના ૨૫૦ વિદ્યાર્થીઓ આણંદની પ્રતિષ્ઠિત આર્કોગુલ પ્રા.લીની વર્ચ્યુયલ ઔદ્યોગિક મુલાકાતે


**સાંપ્રત સમયને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ઓનલાઈન પદ્ધતિથી ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા**

ગાંધીનગર,તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) કૉલેજમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતરમાં અભ્યાસનાં ભાગ રૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે વિદ્યાર્થીઓએ અલગ અલગ બેચ મુજબ પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપની ની ઓનલાઈન મુલાકાત લીધી હતી.

કંપની ફર્ટીલાઈઝરનું ઉત્પાદન તેમજ વિતરણ કરે છે.કપની સીધી મુખ્ય વિતર્કો ને સપ્લાયનું કાર્ય કરે છે. તેમજ ખાદ્યતેલ ના પેકેજીંગ નું કાર્ય કરે છે. ત્રણ જીલ્લા ના મધ્યાહન ભોજન યોજના માટે કંપની ખાદ્ય તેલ નું વિતરણ કરે છે. તેમજ ૮ જીલ્લા માં સ્પલાય નું કાર્ય કરી રહી છે. સાથે સાથે કંપની એકદિવસ માં ૮૦ મેટ્રિક ટન સુધી પેકેજીંગ ની ક્ષમતા ધરાવે છે. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓએ ઇંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ.વિદ્યાર્થીઓ વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ ની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ દરેક મશીનરી નાં નામ તેમજ તેનુ મૂલ્ય બાબતે પણ



વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વિદ્યાર્થીઓ સમગ્ર વિઝિટ બાબતે ઉત્સાહિત હતા.તેમજ મુલાકાતના અંતે કંપનીના અધિકારીઓને પ્રશ્નો પૂછી તેના સંતોષકારક ઉત્તર મેળવ્યા હતા.


# એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓએ બાળ વૈજ્ઞાનિક બની ઓનલાઈન પ્રોજેકટ કર્યા



ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૂદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પોષકદ્રવ્યોનું પ્રવૃતિમય શિક્ષણ વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. માર્ગદર્શન ભગવતીબેને આપેલ જેમાં વિજ્ઞાન વિષયના શિક્ષક સ્મિતાબેન જોષી એ વિદ્યાર્થિનીઓને આહારના ઘટકો વિશેની જાણકારી આપી તથા કયા ખાદ્યપદાર્થમાં ચરબી પોષકદ્રવ્ય રહેલી છે તેનું પરીક્ષણ વિડિયોના પ્રોજેકટ દ્વારા કરી બતાવી જેથી વિદ્યાર્ધિનીઓમાં કંઈક નવું કરવાની જીજ્ઞાસા જાગીને ઉત્સાહ ભેર વિદ્યાર્થિનીઓએ પણ કયા ખાદ્યપદાર્થમાં ચરબી રહેલી છે તેનું પરીક્ષણ કરી પોષકદ્રવ્યની જાણકારી આપતો વિડિયો બનાવી નાના બાળવૈજ્ઞાનિક બની ને શાળામાં શિક્ષકને મોકલ્યા હતા. તેમાં તેમના વાલીઓએ પણ ઉત્સાહ અને રસ દાખવ્યો હતો. તેથી શાળાના આચાર્યા નીરૂબેન પટેલે આ નાના બાળલવૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા.

# એસ જી અંગ્રેજી પ્રાથમિક શાળામાં 'ન્યુ એજ્યુકેશન પોલીસી' વિષય પર વર્કશોપ




ગાંધીનગર, તા. ૬

ન્યુ એજ્યુકેશન પોલિસી પરના વેબિનારને ૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ રત્નાસાગર પ્રકાશકોના સહયોગથી રિસોર્સ પર્સનલ કુ. હિના અન્સારી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. નિષ્ણાંતે નવી એજ્યુકેશન પોલિસીના મુખ્ય વિષયો અને શિક્ષકો અને વિદ્યાર્થીઓની તરફેણમાં થયેલા ધરખમ ફેરફારોને પ્રકાશિત કર્યા હતા. બાળકોના શિક્ષણ અને વિકાસ પ્રત્યેના સર્વગ્રાહી અભિગમ પરના સ્વપ્રદ્રષ્ટાત્મક ધ્યાન એ ખૂબ જ ચિંતા હતી. ઝૂમ એપ્લિકેશનના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા આ વર્કશોપમાં ૧૬૬ થી વધુ શિક્ષકો અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. એસ જી વતી. ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળા ના શિક્ષક રમેશ ભાઈ ગોહિલ,કુ. રીમા ભાવસાર અને કુ.જસના સુગુનને તેમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

# ગણપત યુનિવર્સિટીના સેન્ટર ફોર હેલ્થ એન્ડ એપ્લાઈડ સાયન્સ દ્વારા ફૂડ ટેકનોલોજી વિષે વેબીનારનું આયોજન

**'વેયઝ એન્ડ મિન્સ ટુ વેલ્યુએડિશન ટુ ડિફરન્સ ફૂડ્ઝ : રોલ ઓફ ફૂડ - કેમિસ્ટ' વિષય પર વેબીનારમાં ચાર રાજ્યોના ૧૩૧ જેટલાં વિદ્યાર્થીઓ અને અભ્યાસુ સંશોધકોએ ભાગ લીધો**




ગણપત વિદ્યાનગર, તા. ૧૦

ગણપત યુનિ.ના સેન્ટર ફોર હેલ્થ એન્ડ એપ્લાઈડ સાયન્સ દ્વારા 'વેયસ એન્ડ મિન્સ યુ વેલ્યુએડિશન ટુ ડિફરન્ટ ફૂડ્ઝ એન્ડ રોલ ઓફ ફૂડ કેમિસ્ટ' વિષય ઉપર યોજાયેલા વેબીનારમાં ભોપાલની સુખ્યાત કંપની 'વિપુલ ફૂડ્સ' ના ફાઉન્ડર અને સીઈઓ વિપુલ મંગલ વિશેષ મહેમાન અને નિષ્ણાંત તરીકે ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

આ વેબીનારમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાત સહિત વિવિધ રાજયોના ૧૩૧ જેટલાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઝ અને અભ્યાસુ સંશોધકો જોડાયા હતા. વેબીનારમાં નિષ્ણાંત વિપુલ મંગલ દ્વારા ખોરાકને ખાસ પ્રકારના પેકેજિંગ અને પ્રિઝર્વેશન દ્વારા કેવી રીતે લાંબો સમય જાળવી શકાય અને તેની મૂલ્યવાન ગુણવત્તાને સાચવી શકાય તે વિષે ઉદાહરણો સાથે વિગતવાર માહિતી આપી હતી.

આ વેબીનારમાં મુખ્ય મહેમાન એવા ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી ફેકલ્ટીના ડીન પ્રો. ડૉ. આર કે પટેલે વેબીનારના સૌ સહભાગીઓને વિશેષ માર્ગદર્શન પૂરું પાડતા શેરડી અને નારિયેળની વિવિધ બનાવટોને એના મૂળ સત્વને જાળવીને કેવી રીતે વધારે સમય માટે સાચવી શકાય તે વિષે વિષદ છણાવટ કરી હતી.

વેબીનારના અંતે કાર્યક્રમને પ્રશ્નોત્તરી માટે ખુલ્લો મૂકાતા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ અને અભ્યાસુ સંશોધકોએ જે પ્રશ્નો પૂછ્યા તેનો દરેક નિષ્ણાતે સંતોષકારક જવાબ આપ્યો હતો.

# જન્મદિને વધામણી



જગદીશ ગોર 'શરમાળ'
કચ્છી-ગુજરાતી કવિ-લેખક
મો. ૯૪૨૭૨ ૦૮૬૧૬



કોકિલાબેન
વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



કનુભાઈ આઈ દવે
મો. ૯૭૨૩૫ ૪૨૦૪૦



હિમાશી
વિજયભાઈ ચૌધરી
મો. ૭૪૮૫૯ ૮૫૦૭૦



આનલ
મનીષકુમાર મકવાણા
ફોન : ૨૩૨૪૯૪૯૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન પ્રિન્ટિંગ (છાપ) મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ધોરણ-૫ના બધા વર્ગોમાં ઓનલાઈન પ્રિન્ટિંગ (છાપ) મેકિંગ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી કલા- શિક્ષકોના માર્ગદર્શન અને માતા- પિતા ના સહયોગથી શાકભાજી ના વિવિધ આકારો કાપી તેમજ કલરનો ઉપયોગ કરી સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવી હતી. તેમાં થી ત્રણ નંબરો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન બી. પટેલે આ સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા દ્વારા અનોખી રીતે શિક્ષક દિનની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૦

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉ.મા. શાળા, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ની યાદમાં પ્રતિવર્ષ ઉજવાતા શિક્ષક દિન પાવન પર્વ ૫મી સપ્ટેમ્બરે ઉજવાયો હતો.

શિક્ષક દિને શાળાના ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા પોતપોતાના ઘરે રહી, શિક્ષકોએ આપેલા માર્ગદર્શન અને સૂચનાઓ અને ફાળવેલ વર્ગમાં ઝૂમ એપના માધ્યમથી વિવિધ વિષયોનું ગાઈડલાઈન મુજબ ઓનલાઈન અધ્યાપન કરવામાં આવ્યું હતું. શાળાની કુલ ૫૪ દીકરીઓ શિક્ષક દીને શિક્ષક બની હતી. આ દિવસે સમગ્ર શાળાની ૧૦૦૦ કરતાં પણ વધારે દીકરીઓ ઓનલાઈન તાસમાં ઉત્સાહથી સામેલ થઈ હતી. શિક્ષક દિનના પ્રસંગની પાવન સ્મૃતિમાં શાળાના આચાર્ય ગીતેષભાઈ પટેલ દ્વારા નવતર અભિગમના ભાગરુપે શાળાના શિક્ષકોને આયુર્વેદિક છોડ એવા તુલસીના છોડના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના કર્મચારી ગણે શિક્ષક દિનના સુઅવસરે એકબીજાને શિક્ષક દિનની પારસ્પરિક શુભકામનાઓ પાઠવી હતી.

# ૧૦ માસમાં આઈટીઆઈ મારફતે ૨.૬૩ લાખ લર્નર્સ લાયસન્સ જારી કરાયાં

**રાજ્ય સરકારે ગયા વર્ષે ઓકટોબરમાં પસંદગીની ૨૨૧ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયુટસને લાયસન્સ ઈસ્યુ કરવાની સત્તા આપી હતી. હવે તેમાં વધુ ૧૯નો ઉમેરો કરવામાં આવ્યો છે. આમાંથી ૫ આઈટીઆઈ માત્ર મહિલાઓને લાયસન્સ આપવાની કામગીરી કરશે**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં પસંદગીની આઈટીઆઈ (ITIs) મારફતે લર્નર્સ લાયસન્સ આપવાની કામગીરી શરૂ કરાઈ તેના માત્ર ૧૦ માસથી થોડા વધુ સમયમાં ૨.૬૩ લાખથી વધુ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યાં છે

લર્નર્સ લાયસન્સ આપવાની કામગીરી વિકેન્દ્રિત અને પારદર્શક બને તે માટે ૨૨૧ આઈટીઆઈને ઓનલાઈન ટેસ્ટ લઈને લર્નર (કાચુ) લાયસન્સ આપવાની કામગીરી સોંપવામાં આવી હતી. આ નિર્ણયનો ઉદ્દેશ અરજદારો માટે લાયસન્સ મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવાની તથા રોડ ટ્રાન્સપોર્ટ (આરટીઓ) ઓફિસમાં થતો ધસારો ઓછો કરવાનો હતો.

તે પછી, ૫.૨૪ લાખથી વધુ અરજદારોએ વિવિધ આઈટીઆઈમાં લર્નર્સ લાયસન્સ મેળવવા માટે અરજી કરી હતી.

"આઈટીઆઈમાં લાયસન્સ આપવાની વ્યવસ્થાને ખૂબ સારો આવકાર હાંસલ થયો છે, કારણ કે અરજદારો લાયસન્સ મેળવવા માટે આરટીઓમાં વધારે ધસારો રહેતો હોવાને કારણે આઈટીઆઈમાં જવાનુ વધારે પસંદ કરે છે."

૫.૨૪ લાખ અરજદારોમાંથી ૨.૬૩ લાખ ઉમેદવારોને લર્નર્સ લાયસન્સ આપી દેવામાં આવ્યાં છે.



બાકીના ૨.૬૨ લાખ અરજદારોમાંથી ૧.૧૭ લાખ ટેસ્ટમાં ફેઈલ થયા છે, જ્યારે ૧.૪૪ લાખ અરજીઓ ખૂટતા દસ્તાવેજો, પેન્ડીંગ ફી, ઓનલાઈન ટેસ્ટમાં ક્ષતીઓ તથા અન્ય કારણોથી નકારવામાં આવી છે.

ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયુટે લર્નીંગ લાયસન્સ માટે અરજીઓ સ્વીકારવાની કામગીરી સ્ટાન્ડર્ડ કોવિડ-૧૯ના પ્રોટોકૉલને અનુસરીને અનલૉક-૧માં ૪ જૂન, ૨૦૨૦થી શરૂ કરી હતી. ૪ જૂનથી ૫ સપ્ટેમ્બર સુધીમાં ૨.૨૮ લાખ અરજીઓ મળી હતી. તેમાંથી ૧.૧૯ લાખ લાયસન્સ ઈસ્યુ કરી દેવામાં આવ્યાં છે.

હવે તા.૪ સપ્ટેમ્બર, ૨૦૨૦થી સરકાર દ્વારા સંચાલિત અમદાવાદ, આણંદ, અમરેલી, દાહોદ, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ અને અન્ય સ્થળોએ વધુ ૧૯ આઈટીઆઈને લાયસન્સ ઈસ્યુ કરવાની સત્તા આપવામાં આવી છે. આમાંની ૫ એટલે કે થલતેજ, મણીનગર -વસ્ત્રાલ, ગોરવા તથા ભાવનગર અને રાજકોટ શહેરની એક એક આઈટીઆઈ મહિલા અરજદારો માટે અનામત રાખવામાં આવી છે. આ બધી આઈટીઆઈ લર્નર્સ લાયસન્સ આપવાની કામગીરી રોજેરોજ બપોરના ૩-૩૦ થી ૫-૩૦ સુધી કરશે.